
વા.લ. રૂ. ૧૦૦/-
વા. સ. રૂ. ૧૦૦/-

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ એપ્રીલ, ૨૦૨૨ Vol. 16 No. 4

# પાકીસ્તાનમાં પણ સર્વોચ્ચ પદે અંધશ્રદ્ધાનું રાજ



**નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :**
**www.satyashodhaksabha.com પર જાઓ.**

# પ્રાચીન ભારતના ધર્મશાસ્ત્રો અને સાહીત્યમાં વીજ્ઞાન

–ડો. બી. એ. પરીખ

**પ્રાસ્તાવીક :**

જીવની ઉત્ક્રાંતીની વીકાસ પ્રક્રીયામાં જયારથી માનવ ઉત્પન્ન થયો ત્યારથી જ તેને તેની જ્ઞાનેન્દ્રીયો દ્વારા જે સંવેદનો થતાં હશે તેમને તે તેની માનસીક બૌદ્ધીક ક્ષમતાની મર્યાદામાં સમજવા પ્રયત્ન તો કરતો જ હશે ને જેમ જેમ માનવીની નીરીક્ષણ, વીચાર અને સમજશકતી વીકસતા ગયા તેમ તેમ તેના ઈન્દ્રીય સંવેદનો અને અનુભવોને વધારે ઘણું સમજતો પણ થયો હશે. પરીણામે તેની જાણકારી માહીતી પણ વધતા જતા હશે. પરીણામે આજુબાજુની પ્રકૃતી, ઘટનાઓને જાણવા સમજવાનું કુતુહલ, જીજ્ઞાસા પણ વધતા ગયા. એની પાસેની માહીતી જાણકારી પણ વધતી ગઈ.પરંતુ જે કંઈ થાય છે તેનાં કારણો તેની અતીશય મર્યાદીત સમજની બહાર હતા. તેથી જે થાય તેને સમજયા વગર જેવું છે તેવું તે સ્વીકારી લેતો હશે. તેને જે કઈ દેખાય અનુભવાય છે તે ખરેખર સાચુ, વાસ્તવીક છે તે વીશે તપાસ કરી પુરાવા, સાબીતીઓ મેળવવાનું વલણ કે એવો કોઈ ખ્યાલ જ ન હોય.

કોઈપણ સમસ્યા વીશે જ્ઞાન, માહીતી તેમ જ વ્યવસ્થીત સમજણ પ્રાપ્ત કરવા માટે આજે તો વીજ્ઞાન અને વૈજ્ઞાનીક પદ્ધતી એક માત્ર યથાર્થ અને વીશ્વસનીય સાધન છે. વીજ્ઞાન તો અત્યંત આધુનીક પદ્ધતી છે. છસો વર્ષ પહેલાં એ શોધાયાં. ત્યાર પછી માનવ વીકાસના જે તે સમય ગાળામાં માનવી તે બાળક હોય ત્યારથી જ રોજબરોજ બનતી ઘટનાઓ અને સૃષ્ટીને પોતાની બુદ્ધી અને સમજની મર્યાદામાં રહીને તે જાણવા સમજવા પ્રયત્ન તો કરતો જ હતો.

જ્ઞાન, સમજણની આ પ્રક્રીયાઓ પ્રથમ તો તેનુ ધ્યાન રોજ રાત્રે ખુલ્લામાં સુતો હોય ત્યારે તેને રોજ ઉપર આકાશ અને તેમાં સુરજ, ચંદ્ર, તારા, નક્ષત્રો તેમની ગતીવીધીઓ વગેરે જોતા હશે અને તેનું ધ્યાન તે તરફ જાય એ સ્વાભાવીક છે. આમ માણસના કુતુહલનો સર્વ પ્રથમ વીષય આકાશ, ખગોળ હતો, પછી ચીજ વસ્તુઓ ઓછી થતી જાય, નવી આવે, જુની નષ્ટ થાય એ અનુભવોમાંથી ગણતરીની સમજ પ્રગટી. આમ જ્ઞાન વીજ્ઞાનના ક્ષેત્રમાં પ્રથમ તો ખગોળ અને ગણીત હતા. જ્ઞાનનાં અન્ય પ્રકારનાં ક્ષેત્રો અને વીષયો પછી સમયાંતરે અસ્તીત્વમાં આવ્યા એમ કહી શકાય. આ વીકાસ પ્રક્રીયામાં આજે તો દરેક વીજ્ઞાનમાં તેની સુક્ષ્મ સમસ્યાઓ, મુદ્દાઓ પર પણ અત્યંત ઉંડાણથી વીગતે અભ્યાસ સંશોધન થાય છે.

(ક્રમશઃ) (વધુ આવતા અંકે)

# સત્યાન્વેષણ

**મુખ્ય સંપાદક**

**સુર્યકાન્ત શાહ**

**સંપાદક મંડળ**

**બી. એ. પરીખ** **સીદ્ધાર્થ દેગામી** **સુનીલ શાહ**
**પ્રેમ સુમેસરા** **મનસુખ નારીયા**

**૧૫ એપ્રીલ, ૨૦૨૨** | **સળંગ અંક : ૩૬૫** | **Vol. 16 No. 4**

**('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)**


# પાકીસ્તાનમાં પણ સર્વોચ્ચ પદે અંધશ્રદ્ધાનું રાજ

**–સુર્યકાન્ત શાહ**

પાકીસ્તાનના પુર્વ-પ્રધાનમંત્રી ઈમરાન ખાનને પીર, જયોતીષીઓ અને એવા અન્ય ફરેબીઓમાં ખુબ શ્રદ્ધા, એમણે એ લોકોનો આશરો લીધેલો. એમાંના બે-ત્રણ ફરેબીઓએ ખાતરી આપેલી કે એમણે સુચવેલા વીધી-વીધાન જો ઈમરાન કરાવે તો એમની વીરુદ્ધના અવીશ્વાસના ઠરાવનો રકાસ થશે. એ સત્તા પર ચાલુ રહેશે ! જેમ ગયા અંકમાં આપણે જોયું કે ભારતની આગેવાન નેશનલ સ્ટોક એકસચેન્જના પુર્વાધ્યક્ષા ચીત્રા સુબ્રાહ્મણ્યમે અંધશ્રદ્ધા પર આધાર રાખી પોતાને લાભપ્રદ વેપલા જ કરેલા તેમ ઈમરાન ખાન પણ આવા ફરેબીઓનો સાથ લઈને અવીશ્વાસની દરખાસ્ત મુકનાર વીરોધ પક્ષોના સભ્યોને ડરાવતા હતા. પેલા ફરેબીઓએ પણ ઈમરાનને ખાતરી આપી હતી કે એમના વીરોધીઓના ધનોતપનોત નીકળી જશે.આ ખાતરીને ઈમરાન ખાને એના ખરીદેલા જે જનમાધ્યમો હતા તેની મારફતે જાહેરમાં મુકી. એ પાછળનો એમનો હેતુ એ હતો કે ફરેબીઓએ આપેલ ખાતરીથી વીરોધ પક્ષના સભ્યો ગભરાઈ જશે. એમનું પ્રધાનમંત્રીપદ સુરક્ષીત રહેશે.

અંધશ્રદ્ધા, વહેમ અને ફરેબીઓના તુકકાને કોઈ સરનામું નથી હોતું. જો ઈમરાનખાન ફરેબીઓ પાસે વીધી-વીધાન કરાવી શકે તો તેના મારણ માટે વીરોધ પક્ષોના સભ્યો પણ વીધી-

**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ**

વીધાન કરાવી શકે ! આ ચકકર જો પાકીસ્તાનમાં ચાલ્યું હોત તો બન્ને પ્રતીસ્પર્ધી પક્ષો પાસેથી ફરેબીઓની સાત પેઢી જેટલું કમાવાનું મળતે. ફરેબીઓ માટે દુઃખની વાત એ હતી કે વીરોધીઓએ મારણ વીધી-વીધાન કરાવ્યા નહીં. તેઓ સંસદમાંની પોતાની મજબુત બહુમતી પર જ વીશ્વાસ રાખતા રહ્યા.

ફરેબીઓએ જોયું કે વીરોધ પક્ષોના સભ્યો ડરતા નથી, અને અવીશ્વાસની દરખાસ્ત રજુ કરવા મકકમ છે. ઈમરાન ખાનને આપેલી બધી ખાતરીઓ પોલી પુરવાર થાય એવી પરીસ્થીતી સર્જાઈ હતી. આથી ફરેબીઓએ ટોપી ફેરવવા માંડી. એમણે જુદાં જુદાં બહાના હેઠળ ઈમરાનખાનને સંકેત આપી દીધો કે એ સંસદમાં જીતવાના નથી.

આથી ઈમરાનખાને છેલ્લે પાટલે બેસવાનું રાખ્યું. નાયબ સ્પીકરને પોતાની શતરંજનું પ્યાદુ બનાવી અવીશ્વાસના ઠરાવને રજુ નહીં કરવા દીધો. દરમીયાન ઈમરાનખાને રાષ્ટ્રપતી દ્વારા સરકાર અને સંસદ બરખાસ્ત કરી નાંખી ! સંસદમાં અવીશ્વાસના ઠરાવને નાકામીયાબ બનાવ્યો. ઈમરાન ખાને આ જે કંઈ કર્યું તેના ગુણદોષની ચર્ચા ત્યાંના રાજકારણની ચર્ચાનોમ વીષય છે. રેશનાલીસ્ટ તરીકે આપણી ચર્ચાનો મુદ્દો એ છે કે અંધશ્રદ્ધાની રાજકીય ચોપાટ પર ઈમરાનખાન વીરોધ પક્ષને ડરાવવાની જે ચાલ ચાલવા ગયા તે નહીં ચાલી ! આથી એમણે રાજકારણની વાસ્તવીક ભુમી પર આવી ત્યાં ખરા-ખોટા નીર્ણયો લીધા. ચીત્રા સુબ્રહ્મણ્યમના જેવા જ ઈમરાન ખાનના કીસ્સામાં પણ સર્વોચ્ચ સત્તાધીશોની માનસીક દરીદ્રતાનાં લક્ષણો આપણને જોવા મળે છે. આવા આગેવાનો અને સત્તાધીશો પોતાના દેશ કે સંસ્થાની ભૌતીક પ્રગતી કરી શકે કે નહીં એ સવાલ ગૌણ બને છે. અગત્યનો સવાલ એ બને છે કે, એ આગેવાનોની આ દરીદ્રતા દેશના સામાન્ય જનમનમાં સ્થાન લઈ લે છે. તેનાથી થતા વ્યાપક નુકસાનનું શું ? ઈમરાનખાને સંસદનું વીસર્જન કર્યું તે જ સુચવે છે કે તેઓ ફરી ફરેબીઓમાં શરણે જશે. એમનાં વીધી-વીધાન અને જાદુ ટોણાના સહારે એ ચુંટણીમાં જીતી જશે એવો

**(વધુ પાના નં.-૪ ઉપર)**

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/- છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો.નં.-૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

# કોરી બુદ્ધી નહીં, વીવેકબુદ્ધી જ કલ્યાણનો માર્ગ હોઈ શકે...

**–તંત્રી લેખ**

વીજ્ઞાન સાધન છે, જયારે વૈજ્ઞાનીક અભીગમ એ સાધ્ય છે. વીજ્ઞાનને આધારે ટેકનોલોજી શોધાય છે, બને છે અને વપરાય પણ છે. આજના માણસનું જીવન સુખસગવડભર્યું બન્યું હોય તો એનું શ્રેય વીજ્ઞાન આધારીત ટેકનોલોજીને જ જાય છે. દરીયામાં રોડ બનાવવા કે આકાશમાં સ્પેસ સ્ટેશન સ્થાપવા એ વૈજ્ઞાનીક ટેકનોલોજીને કારણે જ સંભવ બન્યું છે. એ સાચું કે વીજ્ઞાન પાસે સારા માણસો બનાવવાની કોઈ ટેકનોલોજી નથી. વૈજ્ઞાનીક અભીગમ કેળવાય તો જ માણસ સુખી થઈ શકે, અને અન્યોને પણ સુખી કરી શકે. પણ ખાટલે મોટી ખોડ એ છે કે જો આ ટેકનોલોજી દુષ્ટ અને દુર્જનોના હાથમાં જાય તો તે અવશ્ય વીનાશ જ વેરી શકે. એમાં ટેકનોલોજીનો વાંક નથી. ટેકનોલોજી માત્ર સાધન છે. વાંક માણસનો હોય છે. સજ્જનના હાથમાં ટેકનોલોજી આવે તો માનવ સુખાકારી અને માનવ કલ્યાણ સ્થપાય એમાં બે મત નથી, પરંતુ દુર્જન માણસના હાથોમાં ટેકનોલોજી જાય તો વીનાશ જ વેરાઈ એ ય એટલું જ સાચું છે. હાલમાં રશીયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં પણ આપણે જોઈ શકીએ છીએ કે ટેકનોલોજીનો કેવો દુરુપયોગ થઈ રહયો છે. સત્તા માટે અને શકતીશાળી બનવા માટે માણસ જયારે ટેકનોલોજીને હથીયાર બનાવે ત્યારે એના દુષ્પરીણામો માણસ જાતે ભોગવવાના રહે છે. જાપાનના હીરોશીમા ને નાગાસાકી શહેરો પર થયેલા અણુહુમલા એ વૈજ્ઞાનીક ટેકનોલોજીનું કલંક નહીં, પણ માણસ જાતનું કલંક કહેવાય...ટેકનોલોજીનો જો સાચો અને સારો ઉપયોગ કરવામાં આવે તો એના જેવો માનવઉત્થાન અને જગત કલ્યાણ એકે ય નહીં હોય !

બીજા વીશ્વયુદ્ધ માટે હીટલર જવાબદાર હતો, તેવી રીતે જો રશીયા-યુક્રેન વચ્ચેનું યુદ્ધ ત્રીજા વીશ્વયુદ્ધમાં પરીણમે તો તેના માટે પુતીન જ જવાબદાર ઠરશે. અમેરીકા અને યુરોપના દેશો યુક્રેનને બહારથી સહાય કરી રહ્યા છે. એ સારી જ વાત છે. જો આ બધા દેશો સીધા યુદ્ધમાં જોતરાઈ તો ત્રીજું વીશ્વયુદ્ધ નીશ્ચીત બની રહે તેમ છે.

જંગલી પ્રાણીઓ હીંસક ખરા, પરંતુ તેમની જરુરીયાત સંતોષાય જાય પછી તેઓ હીંસકતા દાખવતા નથી, જયારે આ પૃથ્વીનું સૌથી વીચીત્ર પ્રાણી કહી શકાય એવી મનુષ્ય જાતી જ એવી છે કે જેની અપેક્ષાઓનો કટોરો કદી ભરાતો નથી. ભરેલું પેટ હોય તો પણ માણસ અટકચાળુ કરવાનું ચુકતો નથી. સુખ શાંતી માણસને પચતા નથી. અસલામતીની

ભાવનાથી પીડાતી મનુષ્ય જાતીએ આ પૃથ્વી પર એટલા અણુશસ્ત્રોનો ખડકલો કર્યો છે કે, આ પૃથ્વીનો એક કે બે વખત નહીં, પણ સાત વખત નાશ કરી શકાય એમ છે ! અણુશસ્ત્રોથી જ શાંતી જળવાય છે એવું ભલે કહેવાતું હોય, પરંતુ શસ્ત્રો જ અશાંતી ઉભી કરે છે, એ પણ એટલું જ કડવું સત્ય છે...આલ્બર્ટ આઈન્સ્ટાઈન ભૌતીકશાસ્ત્રી હતાં, તોય એ માનસશાસ્ત્રી હોય એમ એમણે એક સચોટ આગાહી કરી હતી કે, 'જો ચોથુ વીશ્વયુદ્ધ થાય તો તે પથ્થર, તીર, કામઠાં જેવા આદી હથીયારોથી જ લડાશે.' આ પૃથ્વીનો સૌથી વધુ બુદ્ધીશાળી ગણાતું પ્રાણી એટલે મનુષ્ય અને એ જ મનુષ્ય પોતાના પગ પર કુહાડો મારવાનું મહામુર્ખપુર્ણ કૃત્ય કરી રહ્યો છે. જયારે પૃથ્વી પરની જીવસૃષ્ટીનો નાશ થશે ત્યારે મનુષ્યજાતી જ તેના માટે અધીક જવાબદાર ઠરશે...નકરી બુદ્ધી કોરી અને નુકસાનકારક હોઈ શકે છે, એટલે જ રેશનાલીટી અર્થાત્ વીવેકબુદ્ધીવાદનો મહીમા થયો છે....માણસ વીવેકબુદ્ધીપુર્વક વર્તે તો સ્વયંનું તો કલ્યાણ થાય જ છે, સાથે-સાથે જગત કલ્યાણ પણ થઈ શકે એમ છે. ફકત કોરું જ્ઞાન નહીં, પણ ડહાપણયુકત જ્ઞાનનો માર્ગ જ માનવ કલ્યાણનો માર્ગ હોઈ શકે.

---

**(ચાલુ પાનાં.–૨ નું)**

અંધવીશ્વાસ ધરાવશે. ઈમરાન ખાન જીતે કે નહીં જીતે એ બાબતને આ ફરેબીઓના જાદુ-ટોણા સાથે કોઈ સંબંધ છે જ નહીં. પરીસ્થીતીની કરુણતા એ છે કે આ જાદુ-ટોણા સામાન્ય મતદારને ગુમરાહ કરશે. પાકીસ્તાન પોતે એક ધાર્મીક દેશ તો છે જ. તેમાં આ જાદુ-ટોણાંનો ઉમેરો એને વધારે પછાત બનાવશે. મોટા ભાગના ધર્મો અવાસ્તવીક એવી કલ્પનાવાળા અપાર્થીવ તત્ત્વનો અથવા એવા જ અવાસ્તવીક એવી કલ્પનાવાળા કર્મના સીદ્ધાંતમાં માને છે. કરોડો અનુયાયીઓ આમાંની એક અથવા બન્ને કલ્પનાની ભયંકર ભકતી કરે છે. હવે એકવાર અવાસ્તવીક કલ્પના પ્રજા પર હાવી થઈ જાય તો બુદ્ધીશાળી ફરેબીઓને ખ્યાલ આવી જ જાય છે કે તેઓ બીજું કોઈપણ કાલ્પનીક તત્ત્વ ભકતો આગળ રજુ કરશે તો તે તત્ત્વ સાથે સંકળાયેલ લાલચ અને ભયના પ્રભાવ તળે આવીને તેની પણ ભકતી કરવા માંડશે ! ધર્મ-પુરસ્કૃત એ અવાસ્તવીક કલ્પનામાંથી જ આ ભુત-પ્રેત, વીવીધ દેવ-દેવીઓ, ફરીશ્તાઓ અને શેતાનોની કલ્પના પેદા થાય છે. ઈમરાન ખાન જેના ભકત છે તે ફરેબીઓ આ જ પરીસ્થીતીનો લાભ લઈ રહ્યા છે. એક તો પાકીસ્તાન બીનસાંપ્રદાયીક દેશ નથી અને બીજુ ઈમરાનખાન જેવા અંધશ્રદ્ધાને ચગાવીને સત્તા પ્રાપ્ત કરવા માંગે છે. તેથી એ દેશ હજી વધારે પછાત બનશે એવી આગાહી કરી શકાય.

# વૈજ્ઞાનીક અભીગમ

**–અશ્વીન ન. કારીઆ**

(અશ્વીનભાઈએ લખેલ 'વૈજ્ઞાનીક અભીગમ' પુસ્તીકામાં સામાન્ય જનને વૈજ્ઞાનીક અભીગમની સંકલ્પના સમજવામાં ખુબ મદદગાર બને એમ છે. એ વાંચીને રેશનાલીસ્ટો પણ વૈજ્ઞાનીક અભીગમની પોતાની સંકલ્પના વધારે સ્પષ્ટ કરી શકે એમ છે. બનાસકાંઠા જીલ્લા અંધશ્રદ્ધા નીર્મુલન સમીતીએ એનું (મો.-૯૪૨૬૬ ૬૩૨૮૧-રૂા. ૮૦/-) પ્રકાશન કર્યું છે.

**કેટલાંક અવતરણો**

**વૈજ્ઞાનીક અભીગમ, વહેમી માન્યતાઓ અને ચમત્કારો :**

પોતાની વહેમી માન્યતાઓને કારણે ધર્મસ્થાનોમાં ટોળાઓ ઉભરાતાં લોકો એમ દર્શાવે છે કે, સમગ્ર સમાજમાં અસલામતી, ભય અને વગર મહેનતે અતી સમૃદ્ધી પ્રાપ્ત કરવાની વૃત્તી વધતી જાય છે.

સ્વામી સચ્ચીદાનંદે કહ્યું છે કે, 'હું એક ધર્મની તલાશમાં છું. જે મારો તથા પુરી પ્રજાનો આ લોક સુધારી આપે. આપણે સ્વતંત્ર રાષ્ટ્રવાદી થઈને, સ્વમાન તથા સન્માનપાત્ર જીવી શકીએ. બળવાન બની દુર્બળોનાં રક્ષક બનીએ...'

આપણે વર્ષો સુધી ગુલામ રહ્યા છીએ અને માર જ ખાધો છે. આપણે આપણાં મંદીરો તથા સ્ત્રીઓની પ્રતીષ્ઠા સાચવી શકયા નથી કારણ કે, આપણે દુર્બળ હતા. હવે આપણને સદીઓ સુધી દુર્બળ બનાવનાર માન્યતાઓ, વીધીઓ, આચાર વગેરેથી મુકત થઈને જ બળવાન બની શકીશું. આપણે ઘણાં અનર્થોથી છુટવાનું છે અને ઘણાં અર્થોને સ્વીકારવાના છે. આ કામ વૈચારીક ક્રાંતીથી જ થઈ શકશે.'

આપણી ગાંડી પ્રજા બહું ભુંડી રીતે તહેવારો ઉજવે છે. દીવાળીમાં ફટાકડાથી દાઝે, ઉત્તરાયણમાં ધાબા ઉપરથી લપસે. હોળીમાં એક આખા જંગલ જેટલા લાકડાઓ ફુંકી મારે, ધુળેટીમાં રંગ ભેગી લોહીની ધાર પણ પડે ! અને નવરાત્રીમાં તો માતાના નામે મધરાત્રીઓ સુધી ઘોંઘાટ પ્રદુષણ વધારવું ! પોલીસને કોઈ ગાંઠે નહીં ! લોકો હજયાત્રામાં મરે, સાથે અમરનાથ યાત્રામાં પણ મરે. કુંભમેળામાં મરે અને રથયાત્રામાં કચડાઈ મરે ! અજ્ઞાનનો અતીરેક તો ત્યારે થાય કે જયારે એ રીતે મરનારને વળી લોકો એમ કહીને બીરદાવે છે કે, કેટલા ભાગ્યશાળી છે ! ભગવાનના દરબારમાં મર્યા....એટલે સીધા સ્વર્ગમાં જશે ! શ્રદ્ધાળુઓને કોણ સમજાવે કે લોકોને મરી જવું પડે એવી ઘાતક રીતે ધર્મ પાળવો એ બહુ મોટી ભુલ છે.

પુનર્જન્મ-પુર્વજન્મ, મૃત્યુ પછીના પ્રેતકાંડો, પાખંડી પરંપરાઓ જડ માન્યતાઓ, દયાજનક અંધશ્રદ્ધાઓ, ભુત-ભુવા, ચમત્કારો, શ્રાપ-આશીર્વાદ, બાધા આખડી, દોરા-ધાગા, વ્રતો ઉપવાસો રાશીફળ-ભવીષ્યવાણી અને આવા અસંખ્ય ગતકડાંઓ એ ભયભીત મનના ઉપદ્રવી આડ-સંતાનો છે. વૈચારીક રીતે તંદુરસ્ત માણસના ઘરમાં પંચાંગ પણ નીષેધ હોય છે. બાકી જયોતીષશાસ્ત્રીની માફક વાસ્તુશાસ્ત્ર પણ ફાલતુ શાસ્ત્ર જ છે ! ખરાબ ચોઘડીયાથી ડરે, ખરાબ કામધંધાથી નહીં ! એ પ્યાજ ખાતો નથી, પણ પઠાણી વ્યાજ ખાય છે ! શુભ ચોઘડીયામાં ખોટા ચોપડાપુજન કરે ! ધાર્મીકો ધંધામાં માણસોને મારે છે, પણ મંદીરમાં મંકોડા મારતા અચકાય છે ! આસ્તીકોની અપ્રમાણીક સંપત્તી વંદનીય કહેવાય છે, જયારે નાસ્તીકોની પ્રમાણીક સંપત્તી નીંદનીય ગણાય છે, વગોવાય છે ! આપણી ખોખલી ધાર્મીકતા ઉપર આજે ટોળાઓનું વર્ચસ્વ છે. ધાર્મીક બૌદ્ધીકતા આજ મૌન પાળી રહી છે. નીષ્ક્રીય છે ! આજની વૈજ્ઞાનીક સદી, શીક્ષીત સદી આ પરીવર્તન ઝંખી રહી છે.

**અન્ય કેટલીક વહેમી માન્યતાઓ :**

(૧) આજના વૈજ્ઞાનીક યુગમાં જયારે ઉપર જણાવેલી વાત વૈજ્ઞાનીક રીતે સાબીત થઈ ચુકી છે અને પરંપરાવાદી માનવ સમાજને પોતાની ભ્રામક માન્યતાને બદલવી પડે છે. ત્યારે થોડા સમય પહેલાં, ખ્રીસ્તી-યહુદી-ધર્મના વડા ધર્મગુરુ પોપે ભુતકાળમાં વૈજ્ઞાનીકોને થયેલા અન્યાય બદલ, જાહેરમાં માફી માગી પ્રાયશ્ચીત કર્યું હતું.

(૨) આજના વૈજ્ઞાનીક જગતમાં ભણેલા, ગણેલા બૌદ્ધીક લોકો પણ ઈશ્વર, અલ્લાહ, GOD, સ્વર્ગ-નર્ક, આત્મા-પરમાત્મા, મોક્ષ પુર્વજન્મ-પુનર્જન્મ વીશે બાળ માનસમાં ઠસાવેલી ભ્રામક માન્યતાઓ અને મીથ્યા કર્મકાંડમાં રચયાપચ્યા રહે છે. આનું મુખ્ય કારણ અજ્ઞાનતા અને પરંપરાવાદી વીચાર જડતા છે. જેમ જેમ લોકોમાં સત્ય-અસત્ય, ઈષ્ટ-અનીષ્ટ, જરુરી-બીનજરુરી ઉપયોગી-બીનઉપયોગી, નીર-ક્ષીર પારખવાની સમજણ આવતી જશે, તેમ તેમ હજારો વર્ષોથી પરંપરાથી ચાલી આવતી, ધર્મગુરુઓએ ઠોકી બેસાડેલી ભ્રામક માન્યતાઓ અને મીથ્યા કર્મકાંડો છુટતા જશે, અને અજ્ઞાન પર જ્ઞાનનો વીજય થશે.

(૩) વર્ષો અગાઉ લગ્ન જીવનમાં પતી-પત્નીને બાળકોની દેન વંધ્યત્વ એ ઈશ્વરની કૃપા/દેન/ઈચ્છા ગણાતી. આ વૈજ્ઞાનીક યુગમાં કુટુંબ નીયોજન થકી બાળકોની સંખ્યા મર્યાદીત કરી શકાય છે અને વંધ્યત્વનું નીરાકરણ પણ થઈ શકે છે. આ પરીસ્થીતી ઈશ્વર/નસીબ હોવાનો છેદ પણ ઉડાડી દે છે.

(૪) વરસો અગાઉ માનવીનું સરેરાશ આયુષ્ય ૫૦ વર્ષની આસપાસ હતું. આજના વૈજ્ઞાનીક યુગમાં સ્વાસ્થ્ય જાગૃતીને કારણે માનવીને સરેરાશ આયુષ્યકાળ ૭૨ વર્ષ સુધી

પહોંચી ગયું છે. આ પરીસ્થીતી પણ ઈશ્વર અને વીધીના લેખનો છેદ ઉડાડી દે છે.

(૫) વરસો અગાઉ અતીવૃષ્ટી, વાદળોના ગડગડાટ, આકાશમાં વીજળીના ચમકારા, ધરતીકંપ વગેરેને દૈવી શકતીનો કોપ માનવામાં આવતો હતો. તેને રીઝવવા પુજા-પાઠ, કર્મકાંડ, હોમ-હવન કરવામાં આવતા અને બલી પણ ચડાવવામાં આવતા. આજના વૈજ્ઞાનીક યુગમાં સાબીત થઈ ચુકયું છે કે, આ બધું ભૌગોલીક કારણોને લીધે થાય છે. કોઈ દૈવી શકતીના કોપનાં કારણે નહીં.

સામાન્ય રીતે ચમત્કાર ૩ પ્રકારના હોય છે :

**(૧) દંતકથા આધારીત ચમત્કારો :** વીવીધ મત-સંપ્રદાયોના ધાર્મીક ગ્રંથોમાં ચમત્કારો દંતકથારુપે સંગ્રહાયેલ છે. આમાં આધ્યાત્મીક સત્ય-ઉપદેશનો પણ સમાવેશ કરાયેલો હોય છે. આ ચમત્કારો માટે કોઈ પ્રમાણ કે તર્ક ઉપલબ્ધ નથી. અનુયાયીઓ પરંપરા મુજબ તેનો સ્વીકાર કરે છે અને તેને પડકારવા ભાગ્યે જ કોઈ પ્રયત્ન કરે છે.

**(૨) કુદરતી નીયમો આધારીત ચમત્કારો :** આ ચમત્કારો કુદરતના નીયમોના આધારે પ્રદર્શીત કરવામાં આવે છે. આપણે આ નીયમથી પરીચીત નથી એટલે તેને ચમત્કાર માનીએ છીએ. દા. ત. ઘોડો, ઊંટ, બળદ વગેરે પ્રાણીઓની મદદ વગર જયારે સર્વપ્રથમ ૧૮૫૩માં વરાળથી એન્જીન ગાડી ચાલી ત્યારે લોકો તેને ચમત્કાર માનતા હતા. આજે ૨૧ મી સદીના ટેલીવીઝન, મોબાઈલ, હેલીકોપ્ટર, કમ્પ્યુટર લગેરે ૧૯મી સદીનો માનવી આ પૃથ્વી પર આવીને જુએ તો તે એને ચમત્કાર જ માને.

**(૩) છેતરપીંડી આધારીત ચમત્કારો :** આ ચમત્કારો વીજ્ઞાનના નીયમ આધારીત હોતા નથી. પરંતુ પ્રેક્ષકોને વાક્છટાથી આંજીને, ઝડપથી કરામત કરી ચમત્કાર બતાવવામાં આવે છે. તેમાં સત્યનો અંશ નહીંવત્ હોય છે. આપણે એની કરામત પકડી પાડીએ તો ચમત્કાર મટીને છેતરપીંડી જ ગણાય. જેમ કે નાળીયેરમાંથી ચુંદડી, હવામાંથી ભસ્મ, વીંટી, સોનાની ચેઈન કાઢવી વગેરે. ધંધાદારી જાદુગરો ચમત્કાર લાગે તેવા અનેક પ્રયોગો સ્ટેજ પર રજુ કરે છ. પરંતુ તેમાં છોતરપીંડીનું તત્ત્વ હોતું નથી.

અંધશ્રદ્ધાનો વીરોધ કરનારનો અવાજ મર્યાદીત સાધનોને લીધે ઘણો જ નાનો હોય છે. અંધશ્રદ્ધાના લાભાર્થીઓનું આર્થીક, સામાજીક, રાજકીય ક્ષેત્રે વર્ચસ્વ હોય છે. એટલે અંધશ્રદ્ધાનો વીરોધ કરવો લોઢાના ચણા ચાવવા જેવું કઠીન કાર્ય છે. આશ્ચર્યકારક વસ્તુ કે ઘટના અંધશ્રદ્ધાની માતા છે. છેતરપીંડી તેની પરીચારીકા (નર્સ) છે. જે તેને પોષે છે. આશ્ચર્યકારક વસ્તુ કે ઘટના ત્યાં સુધી જ આશ્ચર્યકારક હોય છે જયાં સુધી આપણે તેને

સમજવા અશકતીમાન છીએ. આજની મોટાભાગની શોધખોળનું ઉદ્ભ્વસ્થાન આશ્ચર્ય જ છે. ધર્મનના પ્રચારકો જ મુખ્યત્વે અંધશ્રદ્ધાના પ્રચારકો બને છે. આપણા ગળે ન ઉતરતી કે ગુઢ જણાતી દરેક બાબતને દૈવી ચમત્કાર ગણવાથી પ્રજાની અજ્ઞાનતામાં જ વધારો થાય છે. આપણે જાણીએ છીએ કે કારણ વીના કોઈપણ ઘટનાનું બનવું અસંભવ છે. છતાં તેના કારણના ઉંડાણમાં જવાની કોશીષ કોઈ કરતા નથી. ૨૧ સપ્ટેમ્બર ૧૯૯૫ના દીવસે ગણપતીને દુધ પીવરાવવા પાછળ આખો દેશ ગાંડો બન્યો હતો. તે દીવસે ચંદ્રસ્વામીએ હુંકાર કર્યો હતો. 'આ ચમત્કાર મેં કર્યા છે.' તેમને જેલના સળીયા ગણવા પડયા હતા અને જેલમાંથી બહાર નીકળવાનો માર્ગ તેઓ કરી શકયા ન હતા. આપણી પ્રવૃત્તી અને વલણ જોતા એમ જણાય છે કે, આપણને જ્ઞાન કરતાં દીવ્યતાની વાતમાં જ રસ છે.

શ્રી અબ્દુલભાઈ વકાણી તે માટે આપણને વીજ્ઞાનના પાયાના સીદ્ધાંતો નીચે મુજબ સમજાવે છે.

(૧) બળ વીના પદાર્થ હલતો નથી.
(૨) પદાર્થને રહેવા માટે જગ્યા અવશ્ય જોઈએ.
(3) કારણ વીના કોઈ પણ (જાદુ, ચમત્કાર) બનતા નથી.
(૪) એક વસ્તુ રહી શકે તેટલી જગ્યામાં એ જ સમયે બીજી વસ્તુ રહી શકે નહીં.
(૫) કોઈપણ વસ્તુ બીજી વસ્તુમાં ફેલાઈ સંપુર્ણ નષ્ટ થઈ શકે નહી.
(૬) કોઈપણ પદાર્થ કેવળ નાશ પામીને શુન્યરુપ થાય જ નહી.
(૭) જે ન હોય તેનો અનુભવ થતો નથી. દા. ત. આત્મા નથી તો તેનો અનુભવ ન થાય.
(૮) શુન્યમાંથી સૃષ્ટી ન થાય.
(૯) નીર્જીવ વસ્તુ આપોઆપ ખસી શકે નહી એટલે કે કોઈપણ વસ્તુ જાદુ, ચમત્કાર કે દીવ્ય શકતીથી ખસેડી શકાતી નથી.
(૧૦) જાદુ કે ચમત્કારથી કોઈપણ એક વસ્તુનું બીજી વસ્તુમાં રુપાંતર ન થાય.
(૧૧) કોઈપણ આધાર વગર હવામાં રહી શકાય નહી.
(૧૨) પાણીમાં ચાલી શકાય નહી.
(૧૩) નાશ પામેલી વસ્તુ ફરીથી મુળ પદાર્થ ન થાય. પુર્વજન્મ, પુનર્જીવન, ભુતપ્રેત, ડાકણ, ચુડેલ, આત્મા પરમાત્મા વગેરે નથી.
(૧૪) રુપીયા, સોનુ કે કોઈ વસ્તુ એકના ડબલ ન થાય.

# સત્યશોધક સભાના સત્યાન્વેષણ માટેના પ્રયત્નો

**(૧) રમણભ્રમણ સુવર્ણચંદ્રકનાથી આભુષીત થયેલા ડો. સુજાત વલી :**



તા. ૧૩-૩-૨૨ના રોજ ગોધરાના આંગણે એક સ્મરણીય પ્રસંગ યોજાઈ ગયો. રેશનાલીઝમના પ્રચાર અને પ્રસાર માટે તન-મન-ધનથી સતત યોગદાન આપનાર ડો. સુજાત વલીને 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક' એનાયત કરવાનો ભવ્ય કાર્યક્રમ સત્યશોધક સભાના પ્રમુખ સીદ્ધાર્થ દેગામીના અધ્યક્ષસ્થાને યોજાયો. સભાના ઉપપ્રમુખ સુર્યકાન્ત શાહે સૌનું સ્વાગત કરતા જણાવ્યું કે વીજ્ઞાનને કારણે કોરોનાકાળમાં કરોડો માણસોના જાન બચ્યા તો એ જ વીજ્ઞાનને કારણે રશીયા યુક્રેનમાં હજારો માણસોને સહેલાઈથી મારી નાંખી શકે છે. આજે આ બનતા બન્ને બનાવો વીજ્ઞાનના ઉપયોગમાં પણ વીવેકબુદ્ધીવાદની જરુર દર્શાવે છે. ડો. સુજાતવલી પોતાના વીજ્ઞાનના જ્ઞાનની મદદથી આ જ કામ કરી રહયા હોવાનું જણાવી સૌને આવકાર્યા હતા.

સભાના મંત્રી પ્રેમ સુમેસરાએ રેશનાલીસ્ટોને સુવર્ણચંદ્રક આપવાના વીચારની સ્ફુરણાથી માંડી સુજાત વલીને થતા ચંદ્રક અર્પણની ગતીવીધીને વીગતે જણાવી હતી. સ્ટેજ

પર વલી સહીત અડધો ડઝન બેઠેલા સુવર્ણચંદ્રક આભુષીત વ્યકતીઓનો ઉલ્લેખ કરીને એમણે જણાવ્યું હતું કે ચંદ્રક મળ્યા બાદ પણ વીભુષીત વ્યકતીઓ રેશનાલીઝમ ક્ષેત્રે સક્રીય રહે છે. રેશનાલીઝમ ક્ષેત્રે અનોખુ પ્રદાન કરી રહેલા એડવોકેટ પીયુષ જાદુગરે ડો. સુજાત વલીનો પરીચય આપતા જણાવ્યું કે પોતાના અતી વ્યસ્ત એવા તબીબી વ્યવસાયમાં કાર્યરત ડો. સુજાત વલી રેશનાલીઝમના પ્રચાર-પ્રસાર માટે આશ્ચર્યકારક કહી શકાય એટલો સમય આપે છે. આ હકીકત જ એમને આ ચંદ્રકના હકદાર બનાવે છે.

સભાના મંત્રી સુનીલ શાહે ડો. સુજાત વલીને આપવાના સન્માનપત્રનું વાંચન કર્યું હતું. સન્માનપત્રમાં ડો. વલીના જીવન-કવનનું ટુંકમાં વર્ણન કરવામાં આવ્યું હતું. જે સ્વયં દર્શાવતું હતું કે ડો. વલી રેશનાલીઝમને વરેલા છે. 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક'થી આભુષીત થયેલા ડો. અશ્વીન કારીઆએ ડો. સુજાત વલીને સન્માનપત્ર એનાયત કર્યું હતું. ત્યારબાદ જે ઘડીની સૌ આતુરતાપુર્વક રાહ જોતા હતા તે ડો. સુજાત વલીને સુવર્ણચંદ્રક સીદ્ધાર્થ દેગામીએ અર્પણ કર્યો ત્યારે ખીચોખીચ ભરેલા સભાગૃહમાં બેઠેલા સૌએ ઉભા થઈને તાળીઓના ગડગડાટથી વલીને વધાવી લીધા હતા. સુવર્ણચંદ્રક પામીને ડો. સુજાત વલીએ એમના પ્રવચનમાં પોતાના વ્યકતીત્વ ઘડતરમાં ફાળો આપનારા, પોતાની પ્રવૃત્તીઓમાં સાથ આપનારા અને જરુર પડયે હુંફ આપનારા સૌને ભાવપુર્વક યાદ કર્યા હતા. સુવર્ણચંદ્રક પામીને પોતે વધારે સંનીષ્ઠાએ રેશનાલીઝમ સંબંધીત કાર્યો કરશે તેવી પોતાની અભીલાષા વ્યકત કરી હતી.

સીદ્ધાર્થ દેગામીએ પ્રમુખપદેથી સૌને સંબોધતા જણાવ્યું કે સુવર્ણચંદ્રક એનાયત કરવાનો મુખ્ય હેતુ તો પ્રખર રેશનાલીસ્ટોને પોંખીને સમાજમાંના એમના અનન્ય સ્થાનને ઉજાગર કરવાનું છે. એ અંગેનો વીવાદ બીનજરુરી છે. ડો. સુજાત વલીનું યોગ દાન જ એવું છે કે જે તેમને આ ક્ષેત્રે વીશીષ્ટ સ્થાન અર્પે છે.

અતીથીવીશેષ તરીકે પધારેલ ડો. અશ્વીન કારીઆએ દર્શાવ્યું હતું કે રેશનાલીઝમને સ્પર્શતી અનેક થતી પ્રવૃત્તીઓનું પોતાનું મહત્વ છે, છતાં ખરેખર તો આ ક્ષેત્રના કાર્યકર્તાઓની બૌદ્ધીક સજ્જતા કેળવાવી જોઈએ. રેશનાલીઝમના મર્મને તેઓ બરાબર સમજતા હોવા જોઈએ. વીશેષ અતીથી તરીકે પધારેલા મનીષ જાનીએ માનવતાવાદ અને માનવવાદનો ભેદ સમજાવી સમગ્ર માનવજાતે માનવવાદનો સ્વીકાર કરવો જોઈએ કે જેથી પ્રત્યેક પ્રવૃત્તીના કેન્દ્રમાં માણસ રહે, જે અંતે સમગ્ર સમાજને વધારે આનંદ અર્પે. કનકલતાબહેને સમાજ

માટે ખમતીધરો કંઈક ને કંઈક કલ્યાણકારી કાર્ય કરતા રહે તેનો આગ્રહ કર્યો હતો. 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક'થી આભુષીત થયેલ શ્રી અબ્દુલ વકાની પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થીત રહયા હતા. એમણે ચમત્કારને પુરવાર કરનારાને પોતાની આશરે એકંદરે ત્રણ કરોડની મીલકતો આપી દેવાનો પડકાર જે ફેંકયો છે તે મીલકતો લેવા કોઈ આવતું નથી. તે જ દર્શાવે છે કે ચમત્કાર જેવું કશું નથી તે જણાવ્યું.

ડો. સુજાત વલી બે ત્રણ સંસ્થાઓ દ્વારા રેશનાલીઝમનું જે મોટા પાયા પર કામ કરે છે તેમાં એમને સતત સાથ આપનારા અવીનાશભાઈ, સઈદભાઈ, ભરતભાઈ, મનીષભાઈ અને અમીતભાઈને પુરસ્કાર આપી નવાજ્યા હતા. આ દરેક કાર્યકર્તાએ પ્રાસંગીક પ્રવચન કર્યા હતા. એમાં એક રસપ્રદ હકીકત જાણવા મળી કે મુ-રમણભાઈ પંચમહાલ જીલ્લાના મુળ વતની હતા અને પંચમહાલ જીલ્લામાં ડો. વલી ઉપરાંત અન્ય બે મીત્રો મુકુંદ સીંધવી અને ડો. અશ્વીન કારીઆ પણ આ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયા હતા ! આ બાબત દર્શાવે છે કે પંચમહાલ જીલ્લો રેશનાલીઝમ ક્ષેત્રે અગ્રેસર છે !

સમગ્ર કાર્યક્રમમાં મનસુખ નારીઆએ માહીતીપ્રદ અને રસાળ શૈલીમાં ઉદ્‌ઘોષણા કાર્ય સંભાળ્યું હતું. સભાના પેટ્રન ડો. બી. એ. પરીખે મોકલેલ સંદેશામાં જણાવ્યું હતું કે સુજાત વલીના વડીલો અને કુટુંબ સમગ્રપણે પ્રખર રેશનાલીસ્ટો છે. આ પ્રસંગે લંકેશ ચક્રવર્તીએ પલ્લીમાં થતા ઘીના બગાડ અને શામળાજીમાં મહીલાઓ પર થતા અત્યાચાર દર્શાવતું પ્રદર્શન યોજયું હતું. સૌ મહેમાનોનું સભાના કાર્યકર શ્રી જાદવ વેકરીયા અને હસમુખ પટેલે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમ બાદ ડો. સુજાત વલી તરફથી યોજાયેલ ભોજન સમારંભમાં સૌએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ જાણે રેશનાલીસ્ટોનું એક યાદગાર સંમેલન યોજાઈ ગયું તેવી રીતે આ કાર્યક્રમની યાદ લઈને સહુ વીખરાયા હતા.

**(૨) લોક માધ્યમો દ્વારા જનજાગૃતી કાર્યશીબીર :** ભારત સરકારના વીજ્ઞાન અને ટેકનોલોજી વીભાગ પુરસ્કૃત તથા સરકારી કોલેજ, દમણમાં કાર્ય શીબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૨ મી માર્ચથી તા. ૨૫ મી માર્ચ સુધી ચાલેલ આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન દાદરા નગર હવેલી અને દીવ દમણ પ્રશાસનના ઉચ્ચ અને ટેકનીકલ વીભાગના સચીવ અને ભારતીય વહીવટી સેવાના વરીષ્ઠ અધીકારી સલોની રાયના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન સમારોહની શરુઆત સરકારી કોલેજના પ્રીન્સીપલ ડો. સંજયકુમારે આવકાર પ્રવચન સાથે થઈ હતી. ભારતની ચેતનાના નીર્માણમાં લોકમાધ્યમોની અનોખી ભુમીકા રહી છે. કોલેજમાં વાઈસ પ્રીન્સીપાલ ડો.. બાલસુબ્રહ્મણ્યમે ભારતના વૈવીધ્યસભર સંસ્કૃતી વારસાની વીશીષ્ટતા



અને સંભવીતતા પર વાત કરી હતી. કાર્યક્રમના ઉદ્‌ઘાટક મુખ્ય અતીથી સચીવશ્રી સલોની રાયે તેમના નીવેદનમાં જણાવ્યું હતું કે સોશ્યલ મીડીયાના યુગમાં લોકકલાઓની સંભવીતતા વધી રહી છે. આપણે આપણા દેશની મોટી વસ્તીને આપણા સમય અને સમજને અર્પીને મહત્ત્વપુર્ણ મુદ્દાઓ અને વીષયો પરત્વે જાગૃત કરી શકીએ. આમ કરવાથી આપણે આપણી લોકકલા અને લોકભાષાઓનું સન્માન તો કરી શકીશું જ, સાથે સાથે આપણી નવી પેઢીમાં તેને સાચવવાની જવાબદારી પણ વીકસાવી શકીશું.

કૃષી વીજ્ઞાન કેન્દ્ર, પંચમહાલના કૃષી વૈજ્ઞાનીક ડો. કનકલતા સીન્હાએ તેમના વકતવ્યમાં લોકકલા અને માધ્યમો દ્વારા લોકોમાં સ્વસ્થતા અને વૈજ્ઞાનીક અભીગમ કેળવવાની જરુરીયાત પર ભાર મુકયો હતો. સત્યશોધક સભાના પ્રમુખ સીદ્ધાર્થ દેગામીએ તેમના વકતવ્યમાં સામાજીક દુષણો અને અંધશ્રદ્ધા નીવારણ અંગે લોકોમાં જાગૃતી ફેલાવવામાં જાહેર માધ્યમોની ભુમીકા પર ભાર મુકયો હતો. પ્રશંસા ફાઉન્ડેશન, વડોદરાના પ્રમુખ સંજીવ સીન્હાએ તેમની સંસ્થાના લોકકલાઓની અસરકારકતાના વીવીધ સ્વરુપો સાથે જોડવા પર ભાર મુકયો. કાર્યક્રમમાં લોકકલાકાર જોડી રાજકુમાર પાંડે અને વીકાસ પાંડે દ્વારા વ્યસન મુકત વીષય પર રજુ કરેલ કઠપુતળીનો પરફોમન્સ સૌએ બીરદાવ્યો હતો.

લોકમાધ્યમો દ્વારા જાગૃતી કાર્યશીબીરમાં કોલેજના ૪૦ વીદ્યાર્થીઓ જોડાયા હતા. ચાર દીવસમાં વીદ્યાર્થીઓ પપેટ બનાવવા, વાર્તાલેખન તેમ જ શેરીનાટકનીર્માણ, ગીતો રચવા અને તેને લોકો સુધી પહોંચાડવા શું કરવું જોઈએ તેની તાલીમ લીધી હતી. વ્યસનમુકતી, આરોગ્ય જાળવણી, સ્ત્રી-પુરુષ અસમાનતા, અંધશ્રદ્ધા નીવારણની કીટ ભેટમાં આપવામાં આવી હતી.

કાર્યાશીબીરના સંયોજકો ભાવેશકુમાર વાળા અને આસી. પ્રો. નેહા મીશ્રાએ સમગ્ર કાર્યક્રમની રુપરેખા તૈયાર કરી હતી.

## શારદા–સુવાસ

(ઝઘડીયા (ભરુચ જીલ્લા)માં ખાસ કરીને દલીતોની તબીબી સેવા આપતી ‘સેવા રુરલ’ સંસ્થા શારદા હોસ્પીટલ ચલાવે છે. સંસ્થાના સંચાલકો પુરા આસ્તીક છે. ‘શારદા’ નામે હોસ્પીટલ ચાલે છે. એ સો વર્ષ પુર્વેના શારદાબેન ‘શારદા-માં’ નામે ઓળખાતા હતા. એવા ‘આસ્તીક-શારદા માં’ એ સ્ત્રી-સશકતીકરણ માટે જે વલણ અપનાવ્યું હતું તેની અત્રે સકદર નોંધ લેવામાં આવે છે-સુ.)

**રુઢી–રીવાજોનું જડતાપુર્વક પાલન :** સામાન્ય રીતે સ્ત્રીઓ પેઢી દર પેઢીથી ચાલી આવતા કુરીવાજો, અંધશ્રદ્ધા, વહેમ, નાતજાત અને વર્ણ ભેદ, વીધવાઓ માટે નકકી કરેલા કઠોર નીયમોમાં છુટછાટ અથવા બદલાતી પરીસ્થીતીમાં જરુરી બદલાવ લાવી શકતી નથી. અને એટલે સાચા અર્થમાં સ્ત્રીઓનું સશકતીકરણ થઈ શકતું નથી.

સામાન્ય રીતે મા શારદા સ્થાપીત રીત રીવાજોની વીરુદ્ધ જઈને કોઈને આઘાત પહોંચાડતા નહીં, પરંતુ દેશાચારને નામે થતાં જુલ્મો અને પ્રાચીન કુરીવાજોનો વીરોધ વ્યકત કરવાના પણ ઘણા પ્રસંગો છે. ૧૦ વર્ષની નાની ઉંમરે લગ્ન કરીને ૧૫ વર્ષની નાની ઉંમરે વીધવા થયેલ એક દીકરીએ પોતાના માથાના વાળ કાપી નાંખ્યા હતા, તેમ જ ખાવા-પીવામાં કઠોર નીયમોનું પાલન કરીને એકદમ દુર્બળ થઈ ગયેલી, તે જોઈને માએ એને પૂછયું : ‘બેટા, એકાદશીને દહાડે તું શું ખાય છે ?’ છોકરીએ ઉત્તર આપ્યો : ‘પહેલા હું સાબુદાણા ખાતી, હવે એ હું લેતી નથી.’ આ સાંભળતા વેંત જ મા બોલી ઊઠયા : ‘ના, ના, તારે સાબુદાણા ખાવા જ, તારા શરીરને એ શીતળ રાખશે.’ પછી પોતાના અવાજમાં ખુબ ખીન્નતા સાથે એ બોલ્યા, ‘બેટા, તું ખુબ વ્રત નીયમો કરે છે હવે એ ન કરીશ એમ કહું છું. તારું શરીર લાકડું થઈ ગયું છે. તારી તબીયત બગડી જશે તો તું સાધના શી રીતે કરી શકીશ ?’ આમ તેને ચીલાચાલુ રીવાજોમાં છુટછાટ મુકવાની સલાહ આપેલી. માએ પોતે પણ વીધવા થયા બાદ રુઢીચુસ્ત સમાજની વચ્ચે અડીખમ રહીને માથાના વાળ કપાવ્યા વગર હાથમાં સુવર્ણના કંકણ પહેરવાનું ચાલુ રાખેલું.

લગ્ન સંદર્ભમાં તેઓના વીચારો આધુનીક હતા. એકવાર એક ભકતની દીકરીને લગ્ન કરવાની ઈચ્છા ન હતી. તોયે એને લગ્ન કરવાનું દબાણ કરવા માટે એની મા શ્રી મા પાસે આવી. શ્રી માએ એને કહ્યું : 'આખું જીવન બીજાનું દાસત્વ કરી વીતાવવું. બીજાની મન મરજી પ્રમાણે ચાલવું એમાં કંઈ ઓછું કષ્ટ છે ?' પછી સમજાવીને કહ્યું કે : 'કુંવારી રહેવામાં ઘણો ભય હોવા છતાં જેને લગ્ન ન કરવા હોય તેને પરાણે પરણાવીને સંસારમાં નાખવી એ અન્યાય છે.' એક સ્ત્રી ભકતને તેની દીકરીની ઈચ્છા ન હોવા છતાં જબરજસ્તીથી પરણાવવાનું દબાણ ન કરવા સલાહ આપેલી.

## ચીંતનીકા

**–સંકલન : મોહનભાઈ પટેલ, મો – ૯૭૨૭૮ ૧૮૩૯૧**

* ખરેખર હું તો સ્પષ્ટ માનું છું કે જીવતા-જાગતો માનવી જ ખરો ઈશ્વર.
  -મોહન પટેલ
* પ્રેમ તમને જીવન જીવતા શીખવે છે. -રુચી
* પ્રેમ એ તો પરસ્પર તુષ્ટીકરણનું ફળ છે. -મોહન પટેલ
* બીજા કોઈપણ સદ્ગુણ કરતાં, બીજાની વાતો શાંતીથી સાંભળવાનો સદ્ગુણ ઘણા થોડા લોકોમાં હોય છે. -ડેલ કાર્નેગી
* માનવી કદી વૃદ્ધ થતો નથી. ઉંમરની સાથે માણસની મગજની પરીપકવતા યાદશકતી વધે છે. -અંશલી મોનેગ્યુ
* જ્યોતીશાસ્ત્ર પણ નાણાં કમાણીનું સાધન બને છે. તમે પોતે જ તમારા ભાગ્ય વીધાતા છો. બેસી રહેનારનું નસીબ કશું આપી શકતું નથી. -મોહન પટેલ
* Forget God = Think of Man. -પેરીયર રામાસ્વામી
* When Willingness is Great - The Difficulties Can't be Great.
  -Winton Churchil
* એટલું આપણે સમજીએ કે આપણાથી દુઃખી પણ બીજા ઘણા લોકો છે-તેવું સમજો તો આપણું દુઃખ હળવું થશે. દુઃખને પરસ્પર વહેંચવાથી હળવાસ મળી શકે.
  -મોહન ર. પટેલ

**હાર્વર્ડ યુનીવર્સીટીના આચરણના સુત્રો :**

સમજીએ છતાં પણ કાર્ય કર્યે જ જાઓ,
તમને એક રચનાત્મક કામ સાકાર કરવામાં વર્ષો લાગે,
એનો નાશ તો એક જ રાતમાં થાય ! છતાં પણ તે કાર્ય કર્યે જ જાઓ.

*

લોકો ભલે તર્કહીન હોય, સ્વાર્થી હોય,
છતાં, પણ તેમને પ્રેમ કરતા જ રહો.

*

આજે તમે જે સારું કામ કરશો, તે કદાચ કાલે ભુલાઈ જશે,
છતાં પણ સારાં કામ કર્યે જ જાઓ.

*

જો તમે સારું કામ કરશો તો લોકો તમારા માથે
કોઈ કપટ અને સ્વાર્થી હેતુનો આરોપ મુકશે.
છતાં પણ તમે સારાં કામ કરતા જ રહો.

*

પ્રામાણીક અને સ્પષ્ટવકતા બનવાથી તમને મુશ્કેલી પડી શકે;
છતાં પણ પ્રમાણીક અને સ્પષ્ટવકતા જ બનો.
વીશ્વને તમારું શ્રેષ્ઠ અર્પણ કરતા રહો;

*

મહાન વીચારોને, નાના માણસો નષ્ટ કરી શકે છે.
છતાં પણ તમે મહાન વીચારો કરતા જ રહો.

*

જે નવું છે તે નવું પણ હોય, નવા સ્વરુપમાં જુનું પણ હોય,
છતાં પણ નવા પ્રયોગો ચાલુ જ રાખો.

*

લોકો કહે તો છે કે, કચડાયેલાઓની તેમને ચીંતા છે,
પણ હકીકતે તો તેઓ પણ માત્ર પ્રભાવશાળીને જ પુજે છે
છતાં પણ કોઈને કોઈ કચડાયેલાઓની ચીંતા કરતા જ રહો.

*

મહાન વીચારો, હંમેશા મહાન વાસ્તવીકતામાં ન પણ પલટાય,
છતાં પણ પ્રયત્ન તો કરતા જ રહો.
જો તમે સફળ બનશો તો તમને મીત્રો બનાવટી મળશે અને શત્રુઓ સાચા,
છતાં પણ તમે સફળતા મેળવતા જ રહો.

*

* આત્મહત્યા એ તો કાયરતાની નીશાની છે - નેપોલીયન બોનાપાર્ટ

A. આત્મહતા કરતાં પહેલાં વીચારો કે જીવન અમુલ્ય છે. હું જીવનને હકારાત્મકતાથી ઉત્તમ રીતે જીવીશ....ક્ષણીક આવું વીચારો તો બચી જશો. -મોહન ર. પટેલ

B. તમારી ખરી મુશ્કેલી ત્યારે શરુ થશે, જયારે તમે ધાર્યુ મેળવશો.

-બેંજમીન ફ્રેંકલીન

C. More cheracter is needed in; ADMINISTRAION than WAR

-Nepolian Bonopart

D. લાખ વાંચકોની અપેક્ષા જ રાખતો હોય તેવા લેખકે એક લીટી પણ લખવી ન જોઈએ. -શેકસપીયર

E. જેણે એકવાર દગો દીધો હોય તો તેનો બીજીવાર વીશ્વાસ ન કરવો. -શેકસપીયર

**'સત્યાન્વેષણ' માસીક**

**ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ , સેન્ટ્રલ રુલ્સ, ૧૯૯૬ અન્વયે**

**સત્યાન્વેષણ માસીક સંચાલીત માહીતી**

**ફોર્મ નં. : ૪ (નીયમ નં. ૮ મુજબ)**

સમાચાર પત્રનું નામ : 'સત્યાન્વેષણ' પ્રકાશનની સામયીકતા : માસીક, સમાચાર પત્રની ભાષા : ગુજરાતી, પ્રકાશક : સત્યશોધક સભા, મુદ્રક : સુર્યકાન્ત સોભાગચંદ શાહ, સુરત શ્રી શં ફ. અગ્રવાલ ટ્રસ્ટ, ગોપીપુરા, સુરત રાષ્ટ્રીયતા : ભારતીય માલીક : સત્યશોધક સભા, સરનામું : C/o. શ્રી શં. ફ. અગ્રવાલ ટ્રસ્ટ, ગોપીપુરા, સુરત. અવધી : માસીક-કીંમત : વાર્ષીક લવાજમ રૂા. ૧૦૦, આજીવન રૂા. ૧૦૦૦/. હું સુર્યકાન્ત સોભાગચંદ શાહ મુખ્ય સંપાદક : સત્યશોધક સભા, આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વીગતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

**તા. ૧૫–૩–૨૦૨૨** **સુર્યકાન્ત શાહ**

**સત્યશોધક સભાને દાન**

સુરેન્દ્રનગરના સરલ મોદી તરફથી સત્ય શોધક સભાને રૂા. ૧,૦૦૦/- નું દાન મળ્યું છે. તેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

# સાચો ઈતીહાસ શોધવો અનીવાર્ય

**–એન. વી. ચાવડા**

દેશનો કોઈ પણ વીદ્વાન લેખક, ચીંતક કે પ્રવચનકાર જયારે પુરાણો, રામાયણ અને મહાભારત આદી ગ્રંથોમાં વર્ણવેલ દેવદાનવ કથા-પ્રસંગોનો એક ઈતીહાસ યા સત્યઘટના તરીકે ઉલ્લેખ કરે ત્યારે તેમણે એ બાબત યાદ રાખવી ઘટે કે અનેક મુખ અને હાથવાળાં ચમત્યરીક દેવો તથા વીકરાળ મુખ-દેહવાળા, ગગનગામી, ઈચ્છારુપધારી, મનુષ્યભક્ષી રાક્ષસો ભારતવર્ષના ઈતીહાસના કોઈ કાળમાં જન્મ્યા નથી. તેથી તે હકીકત નથી, પરંતુ નીરાધર કલ્પના સીવાય કશું જ નથી, અને એનુ પ્રત્યક્ષ અને પ્રબળ પ્રમાણ એ છે કે આપણા દેશની મોહન-જો-દડો અને હપ્પાની ૫૦૦૦ વર્ષ પુરાણી સીંધુખીણની સંસ્કૃતીમાં તથા વેદોમાં અલૌકીક દેવો અને ભયાનક રાક્ષસોના અસ્તીત્વનો કોઈ ઉલ્લેખ નથી.

આપણા વીદ્વાનોએ બીજી એ બાબત યાદ રાખવી ઘટે કે રામાયણ, મહાભારત અને પુરાણો બુદ્ધયુગ પછી લખાયેલા ગ્રંથો છે. જેનું પ્રબળ પ્રમાણ એ છે કે આ ગ્રંથો પાણીનીય સંસ્કૃતમાં લખાયેલા છે. જેના રચયીતા પાણીની રુષી બુદ્ધ પછી થયા છે. અર્થાત્ આ ગ્રંથો માત્ર ૧૫૦૦ વર્ષ પહેલા લખાયેલા છે. ૩૫૦૦ વર્ષ પહેલાં લખાયેલા વેદોમાં જો અલૌકીક દેવો અને ચમત્કારીક રાક્ષસો ન હોય તો માત્ર ૧૫૦૦ વર્ષ પર લખાયેલા પુરાણોમાં, રામાયણ-મહાભારત વગેરેમાં કેવી રીતે હોઈ શકે ? એવો પ્રશ્ન પ્રત્યેક ભારતવાસીને થવો જોઈએ. ઉચ્ચ કોટીના વીદ્વાનોને જો આવો પ્રશ્ન ન થાય અને તેને તેઓ એક ઈતીહાસ તરીકે વર્ણવે તો તેમાં તેમની પોતાની વીદ્વતા, સચ્ચાઈ અને ઈમાનદારીનું અપમાન છે. એટલું જ નહી પરંતુ તેમાં ભારતીય સંસ્કૃતીનું પણ અપમાન તથા સમાજદ્રોહ અને દેશદ્રોહ પણ છે. કારણ કે સમાજમાં એવા ખોટા ઈતીહાસથી જુઠ, અજ્ઞાન અને અંધશ્રદ્ધા ફેલાય છે, તથા સમાજ ભ્રષ્ટ થઈ આત્મઘાતી બને છે.

તાત્પર્ય એ છે કે પુરાણો, રામાયણ અને મહાભારતમાં વર્ણવેલ ઈતીહાસ નીરાધાર કાલ્પનીક છે. કાલ્પનીક ઈતીહાસ કલ્યાણકારી બની શકતો નથી. તેથી આ બધા ગ્રંથોને આધારે નહીં, પણ આપણા તર્ક અને અનુભવને આધારે આપણો સાચો ઈતીહાસ શોધી તેનું અનુસરણ કરી આપણે આપણો સાચો વીકાસ સાધવો જોઈએ.

**ઈશ્વર, ખુદા કે ગોડ જેવો શબ્દ મારે માટે નીરર્થક છે. માનવ મનમાં નબળાઈની ચાડી ખાતો એ શબ્દ છે.**

# લઘુ રેશનલ કાવ્યો

**–રમેશ પટેલ**

* હું સવારે
મંદીરમાં
નથી જતો પણ
જાઉં છું :
દરરોજ લાઈબ્રેરીમાં !

* આનંદ વાંચી એના
ચહેરાનો,
આનંદ થયો-
એના હાઈડ્રોજન ભરેલા બલુનો
ખરીદી
હવામાં મુકત કર્યા એટલે !

* રંક સ્ત્રીના
શરીર પરનું ચીર જોઈ,
રડયું,
ફુલ કપાસનું !

* ખેડુતના
પ્રસ્વેદ બુંદ
ખેતરના ચાસને કરે છે
લીલુછમ !

* સાવ અજાણ્યો
બાળક તમને જોઈ હસે !
તો તમે માણસ છો !

* પ્રસાદને નામે
પ્રદુષણ આરોગી જનાર
તે
અંધશ્રદ્ધાળુ ભકતો જ હોય !

* સુંદર,
અતીસુંદર હોય છે
આ વસ્ત્રહીન
પ્રાણી-પંખીઓ
માનવી કરતાં વીશેષ !

* ફુટપાથ પર
સુતેલા મજુરોને
જોઈ
શીશીર રાતે
ચંદ્ર ધ્રુજી ઊઠયો !

* કઠીયારાના
ઘરમાં
માળો બનાવે છે પંખીઓ !

* માળીના
ઘરમાં મેં જોયા
અસંખ્ય
મહેલ, પતંગીયાઓ !

* પુરમાં
આખું નગર ડુબે
પણ
કીડીઓ પર્ણો ઉપર
બેસી પ્રલંબ પ્રવાસ કરે !

## અનાદી અનંતનું રહસ્ય

આપણે બધા જ રેશનાલીસ્ટો આપણા વીચારોનો આધાર કાર્ય-કારણના સંબંધ પર રાખ્યો છે. જે કંઈ પણ ઘટના બને તેના મુળમાં કોઈ કારણ કે કારણો હોય છે એવી આપણી દ્રઢ માન્યતા છે. હોકીંગ કહે છે કે કાર્ય કારણની આ ઘટમાળ ત્યારે જ ચાલુ રહે જયારે સચરાચર અનાદી-અનંત હોય. વીચીત્રતા એ છે કે પ્રભુની કૃપા, કર્મનો સીદ્ધાંત અને સચરાચરની રચના કરનારો કોઈક છે એવી માન્યતામાં માનતા મોટા ભાગના ધર્મો સચરાચરને અનંત-અનાદી માને છે. કાર્ય-કારણની ઘટમાળમાં માનનારા તમારા મારા જેવા રેશનાલીસ્ટોને પણ ઘટમાળની માન્યતાને સાચી ઠેરવવા સચરાચર અનાદી-અનંત જ માનવું પડે ! એવી વીચીત્ર પરીસ્થીતી પેદા થઈ છે કે આસ્તીકો અને નાસ્તીકો સચરાચરના અસ્તીત્વ અંગે એક જ માન્યતા ધરાવે છે ! હોકીંગ આ માન્યતાને ધકકો મારે છે. ખુબી તો એ છે કે સંપુર્ણ નાસ્તીકતાતો આગ્રહ રાખતી સામ્યવાદી વીચારધારા પણ અનાદી-અનંત માન્યતાને જ ટેકો આપે છે. આ ટેકો આપે તો જ સામ્યવાદી વીચારધારાના ગરીબી, અસમાનતા, શોષણ, જેવાં અનેક તત્ત્વોમાં કાર્ય-કારણના સંબંધ જોયા છે તે સાચા ઠેરવી શકાય. હોકીંગ કહે છે કે આ અને આવાં અન્ય તત્ત્વોમાં કાર્ય-કારણના સંબંધોની બાબતમાં આસ્તીકોની જેમ ‘શ્રદ્ધા’ ધરાવવાની હોય નહીં. આ સંબંધો હોય પણ ખરા, ન પણ હોય એમ ખુલ્લા અને ખાસ તો સચરાચરની શરુઆતને સમજવી જોઈએ. શરુઆત થઈ એટલે થઈ. કોઈ પણ કારણ વીના થઈ એવું હોકીંગ પોતાના અભ્યાસને આધારે જણાવે છે.

## શાળાના અભ્યાસક્રમમાં ગીતા કેમ અને શા માટે ?

**–એન. વી. ચાવડા**

તાજેતરમાં જ ગુજરાત સરકારે જાહેર કર્યું છે કે ધોરણ ૬ થી ૧૨ ના વીદ્યાર્થીઓને ભગવદ્ ગીતાના સીદ્ધાંતો અને મુલ્યો ભણાવવા માટે ગીતાનો અભ્યાસક્રમ શાળામાં દાખલ કરવામાં આવશે.

અહીં વીચારણીય પ્રશ્ન એ છે કે ગીતાનો મુખ્ય સીદ્ધાંત ચતુર્વર્ણવ્યવસ્થા છે કે જેને ટુંકમાં વર્ણવ્યવસ્થા કહેવામાં આવે છે. આપણા દેશનો ઈતીહાસ કહે છે કે આપણા દેશમાં ૧૧મી સદીમા જયારે ગીતાની વર્ણવ્યવસ્થાનું પ્રબળ શાસન હતું ત્યારે એ વર્ણવ્યવસ્થાના કાયદાઓ અનુસાર શુદ્રો અને તમામ વર્ણની સ્ત્રીઓને શીક્ષણ લેવાનો, સંપત્તી રાખવાનો અને હથીયાર ધારણ કરવાનો અધીકાર નહોતો. તેથી શુદ્રો અને તમામ સ્ત્રીઓનું જીવન પશુથીયે બદતર હતું. સ્ત્રીઓને મૃત પતીની સાથે જીવતી સળગાવામાં આવતી હતી, સ્ત્રીઓ માટે પુનઃલગ્ન નીષેધ હતો. તેથી દેશમાં લાખો વીધવાઓ અને બાળ વીધવાઓ અન્યાય,

અપમાન અને અત્યાચારગ્રસ્ત હતી. તે સમયે ગીતા શુદ્રોને અને સ્ત્રીઓને ન્યાય આપવામાં સરીયામ રીતે નીષ્ફળ ગઈ હતી.

એ જ ૧૧મી સદીમાં ગીતાની વર્ણવ્યવસ્થાનું પ્રબળ શાસન હતું ત્યારે મહમ્મદ ગઝની અને ઘોરી જેવા અનેક વીદેશી ને વીધર્મી હુમલાખોરોએ ભારત પર આક્રમણ કર્યું હતું ત્યારે ભારતની પ્રજા વર્ણવ્યવસ્થાજન્ય જાતીપ્રથા, ઉંચનીચ-ભેદ, અસ્પૃશ્યતાથી પીડીત ઉપરાંત કુળ-વંશના મીથ્યાભીમાનથી પીડીત તેમ જ અનેક સંપ્રદાયોમાં વીભકત હતી. તે સમયના બધાં રાજા-રજવાડાં આ બધાં દુષણોને કારણે પરસ્પરમા લડવા ઉપરાંત પોતાના જ દેશબંધુ અને ધર્મબંધુ રાજાને હારાવવા માટે વીદેશી હુમલાખોરના લશ્કરમાં જોડાઈને મદદ કરતાં હતાં, પરીણામે વીદેશીઓ સામે આપણે હાર્યા, અને હજારો વર્ષ સુધી તેમના ગુલામ રહ્યા.

આજે જો આપણા બાળકોને ગીતા ભણાવવામાં આવશે તો તેને આપણા સમાજનો વીનાશ કરનાર વર્ણવ્યવસ્થાનું અને વર્ણવ્યવસ્થાને ટકાવનાર અવતારવાદ, પુનર્જન્મ, પ્રારબ્ધ, સ્વર્ગ-નરક, શ્રદ્ધા, ભકતી, આરાધના જેવી અંધશ્રદ્ધાઓનું પણ શીક્ષણ તેમાંથી તેમને મળશે. જેનાથી આપણી પ્રજા પ્રારબ્ધવાદી, પલાયનવાદી, અકર્મણ્ય અને ભ્રષ્ટાચારી જ બનશે કારણ કે ગીતાનાં આ બધાં મુલ્યોએ ભુતકાળમાં આપણને સ્વસ્થ, સબળ, પ્રામાણીક, વીવેકી અને સજ્જનો આપ્યાં નહોતાં. ('ધબકાર'માંથી સાભાર)

## ધમ્મં શરણં ગચ્છામી

**–પ્રા. જે. આર, વઘાશીયા, સુરત**

ગત ૧૭ માર્ચના રોજ ગુજરાત સરકારે આગામી શૈક્ષણીક વર્ષ ૨૦૨૨-૨૩ થી ધોરણ ૬ થી ૮ ના અભ્યાસક્રમમાં સર્વાંગી શીક્ષણના વીષયના પાઠયપુસ્તકમાં મુખપાઠ (પઠન) સ્વરુપમાં અને અને ૯ થી ૧૨ ના અભ્યાસક્રમમાં મુખ્ય ભાષાના વીષયના પાઠ્યપુસ્તકમાં વાર્તા અને પઠનના સ્વરૂપમાં 'ભગવદ્ ગીતા'નો સમાવેશ કરવાનો નીર્ણય કર્યો છે. પ્રસ્તુત નીર્ણય પાછળનો હેતુ રાષ્ટ્રીય શીક્ષણ નીતી-૨૦૨૦ નીચે, ભાવી પેઢીને ભારતીય સંસ્કૃતી અને જ્ઞાન પરંપરા સાથે જોડાવવા માટેની લાગણી જન્મે તે છે. પ્રસ્તુત નીર્ણયના સંદર્ભે જણાવવાનું કે ફકત એક જ ધર્મ 'હીંદુ' અને તેના ગ્રંથ 'ગીતા'ના કેન્દ્રમાં ગોઠવાયેલ આ અભ્યાસક્રમ બાબતે ખ્રીસ્તી અને મુસ્લીમ સંસ્થાઓએ વીરોધનો સુર ઉઠાવ્યો છે કારણ કે 'ભારતીય સંસ્કૃતી' અને અને 'જ્ઞાન પરંપરા' ફકત હીંદુ ધર્મ અને ગીતાજ્ઞાન આધારીત જ નથી. તેના પોતમાં અન્ય મુખ્ય મુસ્લીમ, ખ્રીસ્તી, શીખ, જૈન, બૌદ્ધ અને પારસી ધર્મની સંસ્કૃતી વણાયેલી અને તેના અનુક્રમે ગ્રંથો કુર્આન-એ-શરીફ, બાઈબલ, ગુરુ ગ્રંથ સાહીબપ આગમ, ધમ્મપદ ન્ઑ ઝેંદ અવેસ્તાની જ્ઞાન પરંપરા પણ ગુંથાયેલી છે. પરીણામ પ્રસ્તુત એકપક્ષીય અને એકધર્મીય અભ્યાસક્રમ શીક્ષણનું ભગવાકરણ તરીકે જ ઓળખાશે, નહી કે શીક્ષણનું ભારતીયકરણ.

સામાન્યતઃ પંડીત વર્ગમાં પણ 'તુંડે તુંડે મતીર્ભીન્ના' મુજબ ભગવદ્ ગીતાના અનેક શ્લોકોનાં વીભીન્ન અર્થઘટનો થતાં રહ્યાં છે, તેમ જ તેના કેન્દ્રવર્તી વીષયો 'કર્મ, સાંખ્ય અને યોગ' સંલગ્ન શ્લોકો, પ્રાથમીક-માધ્યમીક-શીક્ષકોને સમજવા કઠીન અને સગીરવયના વીદ્યાર્થીઓને સમજાવવા અતીકઠીન પણ છે. નમુના દાખલ કર્મેણ્યેવાધીકારસ્તે મા ફલેષુ કદાચન ! (૨. ૪૭) મુજબ, 'કર્મ કરવામાં જ તારો અધીકાર છે. ફળોમાં કદીયે નહીં ને કેમ સમજાવી શકાશે. જયારે હેતુ (ફળ) લક્ષી શીક્ષણનું મુલ્ય ઉત્તમ જ્ઞાન, સંસ્કૃત જીવન, નફાલક્ષી વ્યાપાર-ઉદ્યોગ અને વેતનલક્ષી રોજગાર જેવા વીવીધ લક્ષ્યાંકો (ફળો)ની પ્રાપ્તી આધારીત હોય ? તદુપરાંત દ્વાપર યુગની ભગવદ્ ગીતાના મહત્વના શ્લોકો, ૨૧મી સદીના વીજ્ઞાનયુગના કાળબાહ્ય હોવાને કારણે બંધ બેસી શકે તેમ નથી. નમુના દાખલઃ ચાતુર્વણ્ય મયા સૃષ્ટ ગુણકર્મવીભાગશઃ (૪, ૧૪) મુજબ, 'મારા (શ્રીકૃષ્ણ) દ્વારા ગુણ અને કર્મોના વીભાગપુર્વક ચારેય વર્ણો (બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને શુદ્ર) ની રચના કરવામાં આવી છે.' પ્રસ્તુત શ્લોકની સમજણ કાળના સંદર્ભમાં જો સંભાળ અને સાવચેતીપુર્વક આપવામાં નહીં આવે તો, વીદ્યાર્થી માનસમાં જાતી-જ્ઞાતી ભેદનું સીંચન થવાની અને તેને યથાર્થ માનવાની શકયતા રહેશે, તેમ જ વધુમાં તે અનુચ્છેદ ૧૫(૧) નીચે ભારતીય રાજય બંધારણે બક્ષેલ 'સમાનતાના હક' ના સીધા ભંગ સમાન પણ ગણાશે.

કાનુની દ્રષ્ટીએ તપાસીએ તો ભારતીય રાજય બંધારણના અનુચ્છેદ ૨૮(૧) મુજબ, 'રાજયના નાણાંમાંથી પુરેપુરી નીભાવાતી શીક્ષણ સંસ્થામાં કોઈ પ્રકારનું ધાર્મીક શીક્ષણ આપી શકાય નહીં. પરંતુ ગુજરાત સરકારે સરકારી અને અનુદાનીત શાળાઓમાં ગીતા કે જે ધાર્મીક ગ્રંથ છે, તેનો અભ્યાસક્રમ ફરજીયાત ધોરણે દાખલ કરવાનો જે નીર્ણય કર્યો છે. તે બંધારણભંગ સમાન જ ગણાશે. તદુપરાંત ૨૦ માર્ચ, ૨૦૧૫ ના રોજ સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપતા કહ્યું હતું કે, કે 'દેશના દરેક નાગરીકના માનસમાં પોતાનો એક પવીત્ર ગ્રંથ વસેલો હોય છે. તો ભગવદ ગીતાને રાષ્ટ્રીય ગ્રંથ કેમ જાહેર કરી શકાય ?'

પ્રસ્તુત ચુકાદો પણ 'ભારતીય સંસ્કૃતી'ની 'ખરી ઓળખ'ને સાનમાં ઘણું સમજાવી જાય છે. ટુંકમાં રાજયના પ્રાથમીક-માધ્યમીક-ઉચ્ચતર માધ્યમીક શીક્ષણમાં સર્વધર્મ સમભાવ અને મમભાવનું સીંચન કરતાં અભ્યાસક્રમથી જ, વીદ્યાર્થી માનસમાં 'ભારતીય સંસ્કૃતી' અને તેનું 'પરંપરાગત જ્ઞાન' ખુલશે, ખીલશે અને ખલકમાં વીસ્તરી શકશે.

('ધબકાર'માંથી સાભાર)

# બીનસાંપ્રદાયીક શીક્ષણ ક્ષેત્રે ગીતા

-સુર્યકાન્ત શાહ

'સત્યાન્વેષણ' ના સ્ટેમ્બર-૨૦૧૨ ના અંકથી શરુ કરીને જુલાઈ ૨૦૧૪ સુધીના દરેક અંકમાં એકંદરે એકવીસ લેખોથી ગીતાની વીશદ મીમાંસા કરવામાં આવી છે. આ ઉપરાંત ગીતા અંગેની કેટલીક હકીકતો પણ 'સત્યાન્વેષણ'માં પ્રસંગોપાત પ્રગટ થાય છે. ગીતાને મહાભારતનું એક અંગ માનવામાં આવે છે. આ મહાભારતની કેટલીક સાચી વાતો સંશોધકોએ મળે એટલા મુળ દસ્તાવેજો તપાસીને પ્રસીદ્ધ કરી છે. 'સત્યાન્વેષણ' ના જાન્યુ. ૨૦૧૦ના અંકમાં તે દર્શાવવામાં આવી છે. જે આ પ્રમાણે છે :

**મહાભારત અંગેની કેટલીક સાચી વાતો**

* મહાભારત આખાના રચનાર વ્યાસ નથી. 'જય' કાવ્યના જ એ તો કર્તા, ને પછીથી એમના શીષ્ય વૈશંપાયને 'ભારત' રચ્યું, જેમાંથી પાછળથી સૌતીએ અત્યારે ચાલુ રાખ્યું છે.
* મહાભારતને યોગ્ય એવી મહત્ત્વની ભુમીકાએ પહોંચાડવાનું માન પાશ્ચાત્ય વીદ્વાનોને ઘટે છે.
* ધૃતરાષ્ટ્ર અને પાંડુના પીતા વીચીત્ર વીર્યનું અકાળ મૃત્યુ થતાં પાછળ રહેલી રાણીઓએ ભીષ્મની આજ્ઞાનુસાર અંબા અને અંબાલીકાથી નીયોગવીધીપુર્વક વ્યાસે એ બે કુમારોની ઉત્પત્તી કરી હતી.
* ભંગાક્ષ્વન રાજા મૃગયા કરવા ગયેલો, ને એક સરોવરમાં નાહવાથી એકાએક સ્ત્રી બની ગયો.
* (મહાભારતમાં) પ્રથમ દ્રષ્ટીએ તો સ્ત્રી વીરોધી મંતવ્યો જ આપણી સામે ભટકાય છે.

  સહસ્ત્ર હોય જો જીહ્વા, ને આયુ વર્ષ સો તણું,<br>
  ધંધો અન્ય ન તોય સ્ત્રી દોષો વર્ણ્યા વીના મરે.
* સ્ત્રી-પુરુષ સંબંધમાં એ સમાજ બહુ ચોખલીયો લાગતો નથી. વ્યાસ, શાન્તનુ પાછળથી જેને પરણ્યા તે મત્સ્યગંધાના પરાશર મુનીથી થયેલ પુત્ર છે. નીયોગવીધી તો સ્વીકૃત જ છે.

આમ જે ગીતાને શીક્ષણનો ભાગ બનાવવાનો છે તે ગીતાનાં મુળ પ્રવર્તમાન માન્યતા સાથે બંધબેસતા નથી. ઉપરાંત મહાભારતકાળમાં જે મુલ્યો પ્રચલીત હતાં તે આજે તીરસ્કૃત

બન્યા છે. ગીતાનો અભ્યાસક્રમ ઘડનારાથી માંડી ઉત્તરવહીઓ તપાસનાર પરીક્ષકો સુધી ઘણી અસ્પષ્ટતા રહેશે એ દેખાઈ રહયું છે.

'સત્યાન્વેષણ' સપ્ટેમ્બર ૨૦૧૧ ના અંકમાં ઉંડા સંશોધનના અંતે ગીતા રચનાનો જે કાળ પ્રો. ગ્રાન્ટ હેલવીએ જણાવ્યો છે તે તો ગીતાની રચના કરનાર તરીકે કૃષ્ણનો જે દાવો કરવામાં આવે છે તે હકીકતો સામે મેળ ખાતો નથી. 'સત્યાન્વેષણ'માં આ અંગે જે લખાણ પ્રસીદ્ધ થયું હતું તે આ પ્રમાણે છે :

'ધી હીસ્ટ્રી ઓફ વર્લ્ડ લીટરેચર'માં કે જેના લેખક છે અમેરીકાના પ્રો. ગ્રાન્ટ હેલવી. તે જણાવે છે કે સંશોધનો એવું જણાવે છે કે મહાભારત ઈ. પુ. ૪૦૦ માં લખાયું. જયારે ગીતા ઈસવી પહેલી સદીમાં લખાઈ. ત્યારબાદ એને મહાભારતનો ભાગ બનાવવામાં આવી ! પહેલી સદી પહેલાના આશરે ચારસો વર્ષ દરમીયાનના મળતા પુરાવા જણાવે છે કે તે સૈકાઓના મહાભારતમાં યુદ્ધ શરુ થતાં પહેલા અર્જુનનો વીષાદ અને તેને દુર કરવા માટે કૃષ્ણની ગીતાના પ્રબોધનનું સ્થાન જ નહોતું ! પહેલી સદીમાં ગીતાની રચના થઈ હતી તેથી એ સવાલ ઉભો થાય છે કે મહાભારતના કાળ દરમીયાન કૃષ્ણ હતા કે કેમ. જો તે મહાભારતકાળ દરમીયાન તો ગીતા કૃષ્ણની રચના નથી જ. કૃષ્ણના નામે ગીતા એટલે કે ગીતોના સંગ્રહને ચઢાવી શકાય નહીં. આ બધું એ દર્શાવે છે કે ધાર્મીક નેતાઓ દરેક ધર્મમાં ભુતકાળની હકીકતોને નહીં પણ પ્રચાર કરવા માટે, પોતે ઉભી કરેલી માન્યતાઓને પોષતા ગપ્પાં જ તૈયાર કરે છે. ભોળા ભકતો તેને સાચા માની છેતરાવાનું પસંદ કરે છે.

આમ, બીનસાંપ્રદાયીકતા અને બંધારણની જોગવાઈઓના મુદ્દા ઉપરાંત ગીતાના ઉદ્‌ભવકાળ અને રચયીતાના જ મુદ્દા ઉપરાંત ગીતાના ઉદ્‌ભવકાળ અને રચયીતાના જ મુદ્દા પ્રવર્તમાન થતા દાવા સાથે મેળ ખાતા નથી. અભ્યાસક્રમ રચનારા, ભણાવનારા શીક્ષકો, ભણનાર વીદ્યાર્થી અને એમના વાલીઓને આપણે ભારત દેશના સુત્ર 'સત્યમેવ જયતે' ના આધારે ભણવા-ભણાવવા કહીશું કે પ્રતીતીકારક પુરાવા વીનાના દાવાના આધારે ભણાવીશું ?' કોઈ પણ ધાર્મીક ગ્રંથને અભ્યાસક્રમનો ભાગ બનાવવામાં આવે ત્યારે એના સંદર્ભે પેદા થતા પ્રશ્નોના ઉત્તરો હકીકતોના આધારે મળતા નથી તે શીક્ષણ-નીતી ઘડનારાઓએ સમજી લેવાની જરુર છે. આમ શીક્ષણનો ભાગ જે પુસ્તક બને તેની અધીકૃતતા, તેની રચના પ્રસંગે સાંપ્રત મુલ્યો, રચયીતાની ઓળખ, જેવા મુદ્દાઓ એવા છે કે તેને અભ્યાસક્રમનો ભાગ બનાવી શકાય નહીં.

બીનસાંપ્રદાયીક રાજયે કોઈપણ ધર્મની તરફદારી કે વીરોધ કરવાનો નથી એના હસ્તકનું શીક્ષણ પણ બીનસાંપ્રદાયીક જ રાખવાનું છે. એવા આ શીક્ષણમાં ગુજરાત રાજયે ગીતાના અધ્યયન-અધ્યાપનને દાખલ કરે એ બંધારણ અને બીનસાંપ્રદાયીકતાની વીરુદ્ધ

છે. બીનસાંપ્રદાયીકતા સર્વધર્મ સમભાવ નથી જ. આથી ગીતાની સાથે સાથે કુર્આન, બાઈબલ કે જૈનોના આગમ ભણાવવાની રજુઆત બીનસાંપ્રદાયીકતા સાથે બંધબેસતી નથી. ટુંકમાં, ગીતા અંગેનો નીર્ણય જ રદ કરવો જરુરી છે. અલબત્ત, પ્રવર્તમાન સરકારને બીનસાપ્રદાયીકતા સામે જ સુગ છે. આથી એને આધારીત કોઈ પણ દલીલ એને સ્વીકાર્ય નથી. કોઈ પણ ધાર્મીક આગેવાનોની જેમ ગુજરાત સરકાર ચલાવનારા પણ જડ પ્રકૃતી ધરાવે છે. આથી એમની સમક્ષ કરવામાં આવતી દલીલો બહેરા કાને જ સંભળાવાની છે.

છતાં આપણે રેશનાલીસ્ટો કે જેઓ બીનસાંપ્રદાયીકતામાં માને છે, અને જગતને ધર્મમુકત કરવા મથીએ છીએ. એમણે પોતાનો પક્ષ તો રજુ કરવો જ પડે.

શીક્ષણક્ષેત્રે દાખલ કરવામાં આવતુ પુસ્તક સતત આલોચનાને પાત્ર બને છે. ગીતાના સંખ્યાબંધ શ્લોકો સાથે સંમત થઈ શકાય એમ નથી. આધુનીકતાના સ્વતંત્રતા, સમાનતા, બંધુતા અને ન્યાયનાં મુલ્યોથી એની ચકાસણી કરવામાં આવે તો તેમાંના મર્મનો સ્વીકાર થઈ શકે એમ નથી. આ પરીસ્થીતીમાં ગીતાની સટીક આલોચના અને એ આલોચનાને આધારે શીક્ષણ-પરીક્ષણ થાય તો ત્યારે ધર્મના આગેવાનો અને શાસકોએ હોબાળો કરવો જોઈએ નહીં. શીક્ષણ પોતે જ મનને ખુલ્લુ કરવા માટેની પ્રક્રીયા છે. ગીતાના કેટલાયે ઉપદેશોનો કેટલાક વીદ્વાનોએ અને કેટલાક ધર્મોએ વીરોધ કર્યો છે. આ ધર્મોમાં માનનારા વીધાર્થીઓને ગીતાનો ઉપદેશ ભણવાની ફરજ પાડવી એ તો એમના ધર્મના પાલનની સ્વતંત્રતા પર તરાપ છે.

ગીતાના ‘ઉપદેશો’ બીનસાંપ્રદાયીકતાથી માંડી રચયીતા જેવા વીવાદી મુદ્દાઓ તો ગીતાને શીક્ષણનો ભાગ બનાવવાની આડે આવે જ છે, પરંતુ આ પુર્વે જેનો ઉલ્લેખ થયો તે ‘સત્યાન્વેષણ’ના એકવીસ અંકોમાં પ્રગટ થયેલા એકવીસ લેખોમાં દર્શાવેલા મુદ્દા તપાસીશું તો આધુનીક કાળમાં ગીતાને શીક્ષણના ભાગ બનાવવા પર પ્રશ્નવીરામ જ મુકવું પડે.

મુળ ગીતાના શ્લોકોની સંખ્યા કરતાં આત્યારે જે ગીતાની ભકતી થાય છે તેના ઘણા વધારે શ્લોકો છે. કોઈક સામાન્ય માણસને એવું લાગ્યું કે એણે સરસ શ્લોક બનાવ્યો છે, પરંતુ પોતે સામાન્ય માણસ હોવાથી એ શ્લોકની કોઈ ‘વાહ-વાહ’ કરશે નહી. આથી એવા માણસોએ ગીતાના ભાગ તરીકે તે શ્લોકને ગીતામાં સમાવી દીધા ! પરીણામે ગીતાના કેટલાક શ્લોકો પરસ્પર વીરોધી ‘ઉપદેશ’ આપે છે ! ફળની તૃષ્ણા રાખ્યા વીના કર્મ કરનારે કૃષ્ણનું શરણ લઈને શા માટે કર્મ જ કરવું ? ગીતામાંના આ પ્રશ્ન પેદા કરતા જે બે શ્લોકો છે આ પ્રશ્નનો સાચો જવાબ કયો ગણવો ? કયા જવાબને પુરા માર્કસ આપવા ? ગીતાના શ્લોકો અને તેના અર્થઘટનમાં ભારે અરાજકતા પ્રવર્તે છે. શીક્ષણમાં કયા અર્થઘટનને સમાવવામાં આવશે ?

**(વધુ ટા. નં.-૩ ઉપર)**

**(અનુ. પાના નં. ૨૪ નું)**

(અનુ. પાના નં. ૨૪ નું)

ગીતાના અઠંગ અભ્યાસી મણીલાલ દ્વીવેદીએ ઈ.સ. ૧૮૯૮ના આ અંગે જણાવ્યું હતું :

ગીતા એવો તત્ત્વગ્રંથ છે કે એના તત્ત્વવીચાર વીશે ગીતાની જ ભાષામાં કહીએ તો કવયોડપ્યત્ર મોહીતા. એના ટીકાકારો, ભાષ્ટ્કારો પણ પોતાને અનુકુળ એવો તત્ત્વાર્થ તારવવા પ્રેરાયા છે. શંકર એમાં વેદાન્તનું પ્રતીપાદન કરવાનો પ્રયત્ન કરે તો વલ્લભ વળી ભકતીનો મહીમા સ્થાપવા મથે.' મણીલાલની આ ટીપ્પણી સાથે નર્મદ સંમત થયા હતા. મણીલાલના એ નીવેદનને એમણે વાજબી હોવાનું જણાવેલું કે, 'આ ચારે ટીકાકારો (શંકરાચાર્ય, રામાનુજ, વલ્લભ અને માધવ)નાં વચનો જોતા પ્રત્યેકનો આગ્રહ પોતપોતાના નીશ્ચયને જ પુર્ણ સત્યરુપે મનાવવાનો જણાયો.' 'આથી કરીને મેં (મણીલાલે) એવી પદ્ધતી ઉપર જવાનો નીશ્ચય કર્યો કે એકવાર તો ગીતાના શબ્દોનો કોઈપણ વીશેષ મરોડ કે બલ આપ્યા વીના જ, સરળ રીતે જે દેખીતો અર્થ થાય તે કરવો અને પછી ચારે ટીકાકારોની ટીકા જોઈ તુલના કરવી, જેવી કે તેવી પદ્ધતીને અનુસરતા ગીતાનો પુર્વાપર સંબંધ ઉપર તથા શબ્દો ઉપર થોડામાં થોડા બલાત્કાર કરવો પડે છે.'

નર્મદ અને મણીલાલની આ વાતો સ્પષ્ટ કરે છે કે કોઈ એક પુસ્તકનું નામ 'ગીતા' છે. પરંતુ વાસ્તત્તવમાં એના અનેક અર્થઘટનો હોવાથી અનેક ગીતા આપણી વચ્ચે છે. ટુંકમાં ધર્મનો સ્થાપક એના ભકતો માટે કશું કરતો નથી. એના નામે ભકતોમાંનો એકથી વધારે બળુકા ભકતો પોતાનું જુદું જ ધર્મપુસ્તક બનાવી દે છે ! આવું જ બાઈબલ, કુર્આન અને અન્ય ધર્મોના ગ્રંથો માટે પણ છે.

મણીલાલ અને નર્મદ પછી તો સમયનાં ઘણાં વહેણ વહી ગયાં. પ્રત્યેક સમયખંડમાં ગીતાના વધુ ને વધુ અર્થઘટનો થયાં છે. શીક્ષક-પ્રાશ્નીક અને પરીક્ષકો કયા અર્થઘટનને સાચુ માનીને માર્કસ આપવાના ? આ બાબતને વધારે સ્પષ્ટતાથી સમજવા માટે 'સત્યાન્વેપણ'માં પ્રગટેલી લેખમાળામાં 'ઈસકોન' પ્રકાશીત 'ગીતા અને તેની મીમાંસા'ને કેન્દ્રમાં રાખીને ગીતાનાં વીવીધ પાસાંનું વીશ્લેષણ કરવામાં આવ્યું છે. આ વીશ્લેષણો સુચવે છે કે શીક્ષણમાં ગીતાને સ્થાન આપી શકાય એમ નથી. (ક્રમશઃ)

---

## વીદાય વેળાએ પણ વલી તરફથી ચાંલ્લો

ડૉ. સુજાત વલીને ગોધરામાં 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક' એનાયત કર્યો તે પ્રસંગે સત્યશોધક સભાના કર્યકરોની ડૉ. વલીએ બાદશાહી સરભરા કરી. ભવ્ય કાર્યક્રમ યોજયો. બીજે દીવસે કાર્યકરોની સુરત જવાની વીદાય વેળા આવી ત્યારે વલીએ સત્યશોધક સભાને રૂા. ૨૦,૦૦૦/- નો વીદાય ચાંલ્લો કર્યો ! સભાના કાર્યકરોએ તેનો

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

# ગોધરા લોકવીજ્ઞાન કેન્દ્રના ઉપક્રમે મહીલા દીવસની વીશીષ્ટ ઉજવણી

૮ મી માર્ચ સમગ્ર દેશમાં આંતરરાષ્ટ્રીય મહીલા દીવસ તરીકે ઉજવાય છે. ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગુજરાત સરકારના વીજ્ઞાન અને ટેકનોલોજી વીભાગ, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ લોક વીજ્ઞાન કેન્દ્ર, ગોધરા દ્વારા મહીલા દીવસની ઉજવણી પંચમહાલ જીલ્લાના વીવીધ સ્થળોએ કરવામાં આવી રહી હતી. જેમાં મહીલા જાગૃતી કાર્યક્રમ, વૈજ્ઞાનીક સમજણ કેળવાય તે માટે તજજ્ઞોનાં વકતવ્યો, મહીલાઓની તંદુરસ્તી જળવાય તે હેતુથી માર્ગદર્શન શીબીર વગેરે રાખવામાં આવ્યા હતા. કાર્યક્રમોમાં પંચમહાલ જીલ્લાની વીવીધ શાળાઓએ અને કૃષી વીજ્ઞાન કેન્દ્ર-વેજલપુરમાં મહીલા વીજ્ઞાન પ્રેમીઓએ ભાગ લીધો હતો. વીજ્ઞાન ક્ષેત્રે મહીલાઓ પણ આજના સમયમાં હરણફાળ ભરી આગળ વધે તે માટે પણ જીલ્લાની કોલેજો તથા શાળાઓમાં કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે મહીલાઓમાં માસીક સ્વચ્છતા તથા જાગૃતી કેળવાય તે માટે પણ અનેક કાર્યક્રમો થઈ રહેલ છે. લોક વીજ્ઞાન કેન્દ્ર ગોધરાના પ્રમુખ સુજલકુમાર મયાત્રા કલેકટર પંચમલ જીલ્લાના માર્ગદર્શન હેઠળ પ્રારંભ થયેલ મહીલા વીજ્ઞાન કલબ દ્વારા આશ્રમ શાળામાં વસ્તી બાળકીઓના  સ્વાસ્થ્ય અંગે ખાસ વકતવ્ય યોજાયું હતું. જેમાં ડો. ફાલ્ગુનીબેન દામા તથા અન્ય મહીલાઓએ શારીરીક રીતે સશકત રહેવા ઉપસ્થીત સૌને સમજણ પુરી પાડી હતી. ગામડામાં વસ્તી બાળકીઓ વીજ્ઞાન પ્રત્યે રુચી કેળવે તથા સાચી સમજણ મેળવી પોતાના જ્ઞાનમાં ઉત્તરોત્તર  વધારો કરી સમજણ મળે તે માટે સત્યશોધક સભાના પ્રમુખ સીદ્ધાર્થ દેગામી દ્વારા ટુચકા અને ચમત્કાર વીષયક પ્રયોગો પણ બતાવવામાં આવ્યા હતા. એમણે જણાવ્યું હતું કે આપણે સૌ જાણીએ છીએ કે માનવ જીવનાની હર ક્ષણે હર પળે વીજ્ઞાનની જરુર છે. વીજ્ઞાન વગર માનવ વીકાસ થઈ શકે તેમ જ નથી.

ઉપરાંત કૃષી વીજ્ઞાન કેન્દ્ર ખાતે તથા ૯૩.૧ રેડીયો મીર્ચી સાથે સંયુકત થઈ મહીલાઓના સ્વાસ્થ્ય અંગે લોક વીજ્ઞાન કેન્દ્રના કાર્યકારી પ્રમુખ ડો. સુજાત વલી દ્વારા ગામડાની અંતરીયાળ વીસ્તારોમાં રહેતી મહીલાઓ અંગે તેમના સ્વાસ્થ્ય માટે પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક  અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે  અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**